# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ બ્લડ બેંક (IHBT વિભાગ)માં વર્ષે ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦ દરમ્યાન રક્તદાન શિબિર આપનાર સંસ્થાઓ તથા સૌથી વધુ રક્તદાન કરનાર દાતાઓને પ્રોત્સાહિત કરવા માટે શિલ્ડ, પ્રશંસાપત્રો એનાયત કરવા અંગેનો સમારંભ આજ રોજ તા.૧૧/૦૪/૨૦૨૨ને સોમવારે રોજ સવારે ૧૧:૦૦ કલાકે સ્મીમેર ખાતે માનનીય મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ જે સમારંભમાં માનનીય ડેપ્યુટી મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, માનનીય સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ, માનનીય શાસક પક્ષના નેતા અમિતસિંગ રાજપુત, માનનીય દંડકશ્રી વિનોદભાઈ પટેલ, માનનીય રૂ. વૈ. રા. અને તં. વ. સમિતિના અધ્યક્ષ શ્રી રાજુભાઈ જોળીયા, માન. અધ્યક્ષા આરોગ્ય સમિતિ શ્રીમતી દર્શિનીબેન કોઠિયા તથા માનનીય ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી સમારંભમાં ઉપસ્થિત રહી શોભામાં અભિવૃદ્ધિ કરેલ.

આ સમારંભમાં ૨૦૧૮ થી ૨૦૨૦ ના ૩ વર્ષના બ્લોક દરમ્યાન સૌથી વધુ યુનિટ રક્ત એકત્રિત કરી આપનાર પ્રથમ ત્રણ સ્થાનના આયોજકશ્રીઓને શિલ્ડ તેમજ પ્રશંસાપત્ર અર્પણ કરવામાં આવેલ. ૩ વર્ષ દરમ્યાન ૯ કે તેથી વધુ વખત સ્વૈચ્છિક રક્તદાન કરનાર ૧૦ રક્તદાતાશ્રીઓને શિલ્ડ અને પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવેલ હતા. કોવિડ-૧૯ પેન્ડેમીક દરમ્યાન ૫ કે તેથી વધુ વખત સ્વૈચ્છિક કોવિડ કોન્વેલેસન્ટ પ્લાઝમા દાન કરનાર ૭ પ્લાઝમા દાતાશ્રીઓને શિલ્ડ એનાયત કરવામાં આવેલ હતા. વધુમાં ૩ વર્ષ દરમ્યાન રક્તદાન શિબિરનું આયોજન કરનાર ૨૫૭ સંસ્થાઓને પ્રશંસાપત્ર આપવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં મહાનુભાવોએ રક્તદાનનું મહત્વ સમજાવી રક્તદાતાશ્રીઓની આ સામાજીક પ્રવૃત્તિને બિરદાવી હતી તેમજ ભવિષ્યમાં આ પ્રમાણે રક્તદાન શિબિર (કેમ્પ)નું આયોજન કરવા અનુરોધ કરવામાં આવેલ હતો. સ્મીમેર કોલેજના માનનીય ડીનશ્રીએ રક્તદાતાઓ તથા રક્તદાન કેમ્પ આયોજકોને પ્રોત્સાહન પુરુ પાડવા સ્વાગત સાથે પ્રાસંગિક પ્રવચન કરેલ તેમજ સ્મીમેર હોસ્પીટલના સુપ્રીન્ટેન્ડન્ટશ્રીએ ઉપસ્થિત કરેલ તમામ રક્તદાન શિબિર આયોજન કરનાર સંસ્થાઓ તથા રકતદાતાઓ ઉપરાંત મિડિયા, સ્ટાફ વિગેરેનો આભાર વ્યક્ત કરેલ હતો. સદરહુ કાર્યક્રમમાં મોટા પ્રમાણમાં રકતદાતાઓ તથા રક્તદાન શિબિર (કેમ્પ) આયોજકોએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધેલ તેમજ કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડ્યો હતો.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૧૬, તા.૧૧/૦૪/૨૦૨૨**